# મામલતદાર શ્રી હાર્દિકભાઈની ગાડીમાં એક નાની દુનિયા જોવા મળે

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

લીલાબેનને આંખે ભળાતું નથી. તેમના પતિ રાયસિંગભાઈ તેમને લઈને દરરોજ બપોરે ગામમાં આવેલી બેન્કે આવીને બેસે. બેન્ક ખૂલે ત્યારથી લઈને બેન્ક બંધ થાય ત્યાં સુધી બેઉ ત્યાં બેસે અને બેન્ક બંધ થાય એટલે ત્યાંથી નીકળી જાય. આ દૃશ્ય લોકો રોજ જુએ. એક દિવસ સ્થાનિક કોઈએ રાયસિંગભાઈને આમ રોજ બેન્કે આવવાનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે જે કહ્યું તે હૃદય હચમચાવી દે તેવું હતું. આ દંપતી પાસે પોતાનું ઘર નથી. બેસવા માટે પોતાનો છાંયો નથી. એટલે બેન્કનો ઓટલો જાણે તેમનો આશરો બની ગયો.



પંચમહાલ જિલ્લાના મોરવાહડફ તાલુકાના મામલતદાર શ્રી હાર્દિકભાઈ જોષીને આ વાતની જાણ થઈ. તેઓ પોતે ખૂબ સંવેદનશીલ હોવાથી તરત જ રાયસિંગભાઈને મળ્યા અને તેમની પરિસ્થિતિ જોઈ. રાયસિંગભાઈને આઠ વર્ષનો એક દીકરો છે અને આવકના નામે જમીનનો એક નાનકડો ટુકડો. એમાંથી માંડ ગુજરાન ચાલે. આખો પરિવાર કુપોષિત જણાય. તેમની પાસે રેશનકાર્ડ પણ નહોતું.

હાર્દિકભાઈએ પતિ-પત્નીને મામલતદાર કચેરીએ બોલાવ્યાં અને જરૂરી કાર્યવાહી કરીને માત્ર બાર કલાકમાં જ તેમને અંત્યોદય રેશનકાર્ડ અપાવ્યું. આ રેશનકાર્ડ પર તેમને અનાજનો જથ્થો વધારે મળે એટલે પેટનો ખાડો પૂરવામાં થોડી નિરાંત મળે. પરંતુ અનાજની સાથે આ પરિવારને ઘર મળી રહે એવો વિચાર પણ તેમને આવ્યો.

સરકારી યોજનામાંથી ઘર મળે તેની પ્રક્રિયા લાંબી હતી. આ પરિવાર પાસે નાનકડો જમીનનો ટુકડો તો હતો જ, એટલે ઘર બાંધવા જમીનનો પ્રશ્ન નહોતો. મારો હાર્દિકભાઈ સાથે વર્ષોનો પરિચય. તેમણે મને ફોન કરીને કહ્યું, "બેન, આપણે આ પરિવારનું ઘર બાંધી શકીએ? જરૂરી સામગ્રીમાં હું મદદ કરીશ."

સિમેન્ટ, રેતી, ઈંટો જેવી સામગ્રી માટે તેમણે પોતાની રીતે સહયોગ આપવાની વાત કરી અને રાયસિંગભાઈના પરિવાર માટે ઘર બનાવવાનું કામ શરૂ થયું. અમારા પ્રવીણભાઈ શાહે પણ આ કાર્યમાં સહયોગ આપ્યો. પરંતુ વાત આટલેથી અટકી નહીં. થોડા દિવસ પછી તેમણે ફરી કહ્યું, "બેન, બીજા બે-ચાર પરિવારો પણ છે, જેમને ઘરની જરૂર છે."

હાર્દિકભાઈ સરકારી અધિકારી છે, પરંતુ તેમની સંવેદના માત્ર સરકારી ફાઈલોમાં બંધાઈ નથી. દિવસ દરમિયાન કચેરીનું કામ પૂરું કર્યા પછી સાંજે છથી નવ, ક્યારેક દસ વાગ્યા સુધી તેઓ ગામડાંમાં ફરતા જોવા મળે. લોકો વચ્ચે જાય, તેમની પરિસ્થિતિ જુએ અને જે સમસ્યા નજરે પડે તેના ઉકેલ માટે પ્રયત્ન કરે.

આપણે ત્યાં કહેવત છે, "ફરે એ ચરે ને બાંધ્યો ભૂખે મરે." સરકારી કચેરીમાં બેઠેલા કર્મચારીઓ પણ પોતાના વિસ્તારમાં ફરે તો તેમને લોકોની સાચી સમસ્યાઓનો ખ્યાલ આવે. રાજાઓ પોતાના મહેલમાંથી બહાર નીકળી પ્રજા વચ્ચે જતા ત્યારે રાજ્યની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવતો. આજના લોકશાહી તંત્રમાં પણ અધિકારીઓ જો ગામડાં સુધી પહોંચે, લોકો વચ્ચે બેસે અને પોતાની આંખે તેમની જિંદગી, તેમની હાડમારી જુએ તથા તેમની સ્થિતિ સમજવાનો પ્રયત્ન કરે તો અનેક સમસ્યાઓનો ઉકેલ આવી શકે.

હાર્દિકભાઈની ગાડીમાં એક નાની દુનિયા જોવા મળે. ગાડીની પાછળની બાજુમાં નોટબુક, પેન્સિલ, કમ્પાસ, નવા કપડાં જેવી વસ્તુઓ ભરેલી હોય. રસ્તામાં કે ગામમાં કોઈ જરૂરિયાતમંદ પરિવાર મળે તો તેમને જે યોગ્ય લાગે તે વસ્તુ આપી દે. તેમની કચેરીમાં આવેલ માણસની સ્થિતિ જોઈને ક્યારેક તો ઘરે જવા ભાડાના પૈસા આપી દે, તો ક્યારેક પૂછે કે ઘરે અનાજ છે કે નહીં. સામેનો માણસ જવાબ આપવામાં થોથવાય તો તરત જ એક ચિઠ્ઠી લખીને તેમણે નક્કી કરેલા દુકાનદાર પાસે મોકલી દે. એ દુકાનદાર તેને મહિનો ચાલે એટલું રાશન આપી દે. આ દુકાનદારને મહિનાનું એકસાથે બિલ હાર્દિકભાઈ ચૂકવી દે. હજારો જોડી બ્રાન્ડ-ન્યૂ કપડાં પણ તેઓ દર વર્ષે પોતાના મિત્રોના સહયોગથી જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડે.

મોરવાહડફ તાલુકામાં તેમનું પોસ્ટિંગ થયું કે તેમણે સૌથી પહેલાં અંત્યોદય રેશનકાર્ડની સ્થિતિ તપાસી. લાયકાત વગરના લોકો પાસે અંત્યોદય રેશનકાર્ડ હોય તો તેમના નામ એમાંથી દૂર કર્યા અને નિરાધાર, વિધવા, ત્યક્તા—એક રીતે કહીએ તો જેમને બે છેડા ભેગા કરવા મુશ્કેલ હોય એવા ખરેખર જરૂરિયાતમંદ પરિવારોને આ રેશનકાર્ડ મળે તેવું અભિયાન હાથ ધર્યું. જરૂરિયાતમંદ અનેક પરિવારો સુધી હાર્દિકભાઈ પહોંચ્યા છે. તેમની ઉંમર હજુ નાની છે, એટલે આગળ ઘણું કામ કરી શકવાની લાંબી કારકિર્દી તેમની સામે છે. તેઓ માણસને લાભાર્થી તરીકે નહીં, પરંતુ માણસ તરીકે જોવાનું કરે છે, જે બહુ નોખું છે. તેમની ગ્રામસભાઓ પણ આ જ વિચારને આગળ વધારે છે. જ્યાં કોઈ પરિવારનું ઘર નથી, ત્યાં સરપંચની જવાબદારી શું છે? ગામના વંચિત પરિવારો સુધી યોજનાઓ કેમ નથી પહોંચી? ક્યાં સ્થાનિક તંત્રની ભૂમિકા હોવી જોઈએ અને તે નિભાવવામાં ક્યાં કચાશ રહી તે સમજી, ટકોર કરવાની સાથે તેઓ કડક બનતા પણ જોવા મળે છે.

આપણે ઘણી વાર સરકારી તંત્રની જડતા, લાલફિતાશાહી અને નિષ્ક્રિયતાની ફરિયાદ કરીએ છીએ. પરંતુ તંત્રમાં બેઠેલા આવા સંવેદનશીલ અધિકારીને જોઈએ ત્યારે જરાક રાહત લાગે અને એવું પણ થાય કે બધું ખરાબ નથી. વહીવટી તંત્રમાં બેઠેલો એક સંવેદનશીલ માણસ પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે ત્યારે તે વ્યક્તિ આડકતરી રીતે આખી વ્યવસ્થાને ગતિ આપવાનું કામ કરે છે. એનાથી સમગ્ર વિસ્તારની વ્યવસ્થા સુધારવાની શક્યતાઓ ઊભી થાય છે. તંત્રમાં બેઠેલો દરેક અધિકારી આ ભાવથી વિચારવાનું શરૂ કરે તો દેશની સકલ સૂરત બદલાઈ જાય.

મોરવાહડફ તાલુકાના ઘણા ગામોમાં હાર્દિકભાઈ સાથે મારું ફરવાનું થયું. એ દરમિયાન ઘણા તકવંચિત પરિવારોને મળવાનું પણ થયું. આ બધા હાર્દિકભાઈને જાણે તેમના પરિવારના એક સભ્ય હોય એ રીતે મળી રહ્યા હતા. નાના બાળકો પણ ટોળે વળીને, "સાહેબ, મારી પેન્સિલ લાવ્યા? નોટબુક લાવ્યા?" જેવા પ્રશ્નો કોઈ ભય વગર તેમને પૂછતા હતા.

**બેન, આ રીતે અધિકારી આવ્યા હોત તો અમારા પ્રશ્નો ક્યારનાય ઉકલી ગયા હોત**

અમે જ્યારે રજાયતા અને અગરવાડા ગામના લોકોને પૂછ્યું કે, "આ રીતે કોઈ અધિકારી તમારા ઘરે આવ્યા હોય, તમારી સાથે તમારા પ્રશ્નોની ચર્ચા કરી તેને ઉકેલવાનો પ્રયત્ન કર્યો હોય એવું પહેલાં ક્યારેય બન્યું છે?" ત્યારે એક બહેને કહ્યું, "બેન, આ રીતે અધિકારી આવ્યા હોત તો અમારા પ્રશ્નો ક્યારનાય ઉકલી ગયા હોત. આ પહેલા એવા અધિકારી આવ્યા છે, જે આ રીતે અમારા ઘરે આવ્યા. હવે તો એક વખત કચેરીમાં અમારા પ્રશ્નો લઈને જઈએ પછી એ જ પ્રશ્ન માટે ફરી જવું પડતું નથી."

બહેનની વાત સાંભળીને મનમાં એક જ વિચાર આવ્યો—તંત્રમાં બેઠેલો દરેક વ્યક્તિ પોતાનામાં આવી સંવેદના જગાડે તો કેટલું બધું બદલાઈ શકે!

# વગોવાયેલું છતાં ઉપયોગી શસ્ત્ર AK 47

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

આપણે ભલે શાંતિની વાતો કરતા હોઈએ, પરંતુ આ જગતમાં ક્યારેય લાંબા સમય સુધી શાંતિ રહી નથી. પથ્થર અને લાકડાં જેવા અણઘડ પદાર્થો હથિયાર તરીકે વાપરી શકાય છે, એવી જ્યારથી માણસને ખબર પડી, ત્યારથી શરૂ થયેલી હથિયારોની દોડ હજુ અટકી નથી. હથિયારોને ભલે આપણે છાના ખૂણે ધિક્કારીએ, પરંતુ આ હથિયારો જ આપણા રક્ષક છે, એ પણ એક સત્ય છે. સામાન્ય માણસ શસ્ત્રોની ટેક્નિક, તેમનાં નામો અને પ્રકારો વિશે અજાણ હોય છે. તેમ છતાં એક એવી રાયફલ છે, જેનું નામ આખા વિશ્વમાં ખૂબ ઝડપથી લોકજીભે ચડી ગયું છે. એ રાયફલ એટલે AK-47. રાયફલનો અર્થ 'આંકાવાળી નાળ ધરાવતી બંદૂક' એવો થાય છે. જે બંદૂકની નાળની અંદર આંકા (થ્રેડ્સ) પાડેલા હોય તેને રાયફલ કહેવાય છે. રાયફલનું ટ્રિગર દબાવ્યા પછી જ્યારે ગોળી છૂટે છે, ત્યારે નાળમાં પાડેલા આંકાને કારણે તે વર્તુળાકારે ફરવા લાગે છે. વિજ્ઞાનના નિયમ મુજબ સીધી ગતિએ છૂટેલી ગોળી કરતાં વર્તુળાકારે ફરતી ગોળી વધુ શક્તિશાળી અને વધુ સચોટ બને છે. રાયફલ બે પ્રકારની હોય છે - સેમી-ઓટોમેટિક અને ઓટોમેટિક. સેમી-ઓટોમેટિક રાયફલમાં એક ગોળી છોડ્યા પછી ફરીથી ટ્રિગર દબાવવું પડે છે, જ્યારે ઓટોમેટિક રાયફલમાં ટ્રિગર દબાવી રાખવાથી તેમાંથી સતત ગોળીઓ છૂટતી રહે છે. જોકે તેમ કરવા માટે રાયફલને ઊર્જાની જરૂર પડે છે. AK-47 એક ઓટોમેટિક રાયફલ છે અને તેને ગેસ ચેમ્બર દ્વારા ઊર્જા મળે છે. મુંબઈના અંડરવર્લ્ડના અઠંગ ગુનેગારોથી માંડીને લશ્કર સુધી વપરાતી આ AK-47 રાયફલની શોધ અને તેના શોધકની જિંદગીનો ઈતિહાસ ખૂબ જ રોચક છે. AK-47 રાયફલની શોધ કરનાર હતો મિખાઈલ તિમોફેવિચ કલાશ્નિકોવ. ૧૦ નવેમ્બર,



**મુંબઈના અંડરવર્લ્ડના અઠંગ ગુનેગારોથી માંડીને લશ્કર સુધી વપરાતી આ AK-47 રાયફલની શોધ અને તેના શોધકની જિંદગીનો ઇતિહાસ ખૂબ જ રોચક છે**



૧૯૧૯ના રોજ રશિયાના એક સાધારણ ખેડૂત પરિવારમાં જન્મેલો મિખાઈલ માંડ હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ લઈ સાઈબેરિયન રેલવેમાં ક્લાર્ક તરીકે નોકરીમાં જોડાયો. પરંતુ તે નોકરી તેના સક્રિય દિમાગને માફક ન આવતાં, ૧૯ વર્ષની ઉંમરે ૧૯૩૮માં તે રશિયન લશ્કરમાં જોડાયો. લશ્કરમાં તેને ટેન્ક ચલાવવાનું કામ સોંપવામાં આવ્યું. એ દરમિયાન તેણે ટેન્કના એન્જિનની શક્તિ માપવાનું એક નાનું યંત્ર બનાવ્યું. તે યંત્ર જોઈ લશ્કરના અધિકારીઓ તેનાથી પ્રભાવિત થયા અને તેને યંત્રો બનાવતા કારખાનામાં મોકલ્યો.

૧૯૪૧માં હિટલરે રશિયા પર ભીષણ લશ્કરી હુમલો કર્યો. મિખાઈલને ટેન્ક કમાન્ડર તરીકે યુદ્ધમેદાનમાં જવું પડ્યું. યુદ્ધ દરમિયાન તે ગંભીર રીતે ઘાયલ થયો અને છ મહિના સુધી હોસ્પિટલમાં સારવાર લેવી પડી. ત્યાં અન્ય ઘાયલ સૈનિકો સાથેની વાતચીતમાંથી તેને જાણવા મળ્યું કે રશિયન સૈનિકો તેમને અપાતી રાયફલથી જરાય ખુશ નહોતા. સારવાર બાદ મિખાઈલને લાંબી રજા મળી. આ સમય દરમિયાન તેણે નક્કી કર્યું કે પોતાના દેશના સૈનિકોને એક ઉત્તમ રાયફલ આપવી. તેણે તે સમયની દુનિયાભરની શ્રેષ્ઠ રાયફલોનો અભ્યાસ કર્યો અને તેમાંથી જન્મી AK-47. મિખાઈલની ઈચ્છા હતી કે પોતાની શોધ સાથે પોતાનું નામ જોડાયેલું રહે, અને એવું જ બન્યું. આફ્રિકાના કેટલાક દેશોમાં બાળકોના નામ પણ કલાશ્નિકોવ પરથી 'કલેશ' રાખવામાં આવે છે. જોકે આ રાયફલે કેટલાક દેશોમાં હાહાકાર પણ મચાવ્યો છે. અફઘાનિસ્તાન સાથેના યુદ્ધમાં હાર્યા બાદ રશિયન સૈનિકો ભાગતી વખતે પોતાની સંખ્યાબંધ AK-47 રાયફલો છોડી ગયા. એમાંથી ઘણી રાયફલો પાકિસ્તાન પહોંચી અને ત્યાં ભારે કેર વર્તાવ્યો. પાકિસ્તાનનો સભ્ય સમાજ તેને 'કલાશ્નિકોવ કલ્ચર' તરીકે ઓળખે છે. ૧૯૪૭માં જન્મેલી આ રાયફલની લોકપ્રિયતા અને જાદુ શસ્ત્રોની દુનિયામાં આજે પણ અકબંધ છે. પાકિસ્તાન-અફઘાનિસ્તાનની સરહદ પર આવેલા ગામોના લુહારો પણ આ રાયફલ બનાવી લે છે. આજે વિશ્વના પચાસથી વધુ દેશોમાં લશ્કર, પોલીસ, શિકારીઓ અને આતંકવાદીઓ સહિત અનેક લોકો આ રાયફલનો ઉપયોગ કરે છે.

જોકે આ રાયફલનો શોધક જો રશિયાને બદલે કોઈ મૂડીવાદી દેશમાં જન્મ્યો હોત, તો કદાચ તે અતિશય ધનવાન બન્યો હોત. વાસ્તવમાં આ રાયફલના આંતરરાષ્ટ્રીય પેટન્ટ અધિકારો લેવામાં જ આવ્યા નહોતા. અત્યાર સુધી વેચાયેલી AK-47ના વેચાણમાંથી મિખાઈલને એક રૂપિયો પણ મળ્યો નહોતો. તેણે પોતાનું પાછળનું જીવન સરકારી પેન્શન પર ગુજાર્યું હતું. ચીની નેતા માઓ ઝેદોંગે એક વખત કહ્યું હતું, 'સત્તાનો જન્મ બંદૂકની નાળમાંથી થાય છે.' જ્યારે સત્તાની વાત આવે છે, ત્યારે માણસનું અસલી સ્વરૂપ સામે આવી જાય છે. સત્તા અને સ્વરક્ષણ માટે હથિયારોની જરૂર પડે છે. એટલે જ શસ્ત્રોનું બજાર હંમેશાં ધમધમતું રહ્યું છે.

વિશ્વમાં અનાજ, શાકભાજી કે કપડાંની અછત અનેક વખત સર્જાઈ છે, પરંતુ ક્યારેય બંદૂક કે બોમ્બની અછત સર્જાઈ નથી. રાજકારણીઓ, સોદાગરો અને શસ્ત્ર ઉત્પાદકો હથિયારોની અછત થવા દેતા જ નથી. અનેક વિકસિત દેશોનું અર્થતંત્ર શસ્ત્રોના ઉત્પાદન પર નિર્ભર રહે છે.

મિખાઈલને એક વાર આ બાબતે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કબૂલ્યું હતું કે મૂળ તો તેને ખેડૂતો માટે ઓજારો બનાવવાની ઈચ્છા હતી.